92

<u>ટોચ અગ્રતા.</u>
શ્રી એફ.પી. હાલાણી,
નિયામક.

અસ.પત્ર નં.અપગ/યોજનાઓ/૦૬-૦૭/૧૧૪૯
નિયામક સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં. ૧૬, જુના સચિવાલય,
ગાંધીનગર, તા.૮/૦૩/૨૦૦૭.

વિષય :- <u>વિકલાંગ કલ્યાણની યોજનાઓ બાબત.</u>

સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જણાવવાનું કે સમાજ સુરક્ષા ખાતાની યોજનાઓ હેઠળ ભૌતિક લક્ષ્યાંકો આપેલા છે. આ ભૌતિક લક્ષ્યાંકો સામે ૨૦૦૬-૦૭ ના વર્ષમાં ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે.

તા.૧૮-૧-૦૭ ના રોજ મળેલ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓની મીટીંગમાં આપના જિલ્લાની વિકલાંગ શિષ્યવૃતિ માટે . . . . . . . . . લક્ષ્યાંક આપેલ હતા.માહે ફેબ્રુઆરી-૨૦૦૭ નો ખર્ચ પત્રક જોતા વિકલાંગ શિષ્યવૃતિના . . . . . . . શિષ્યવૃતિ ચુકવણું કરવામાં આવેલ છે.તો બાકીના લાભાર્થીઓને વિકલાંગ શિષ્યવૃતિ ચુકવવાની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.જો આ લક્ષ્યાંક સામે સિધ્ધિ હાંસલ નહીં થાય તો તે અંગેની જવાબદારી આપની રહેશે.

૨) સંત સુરદાસ યોજનામાં તા.૧-૧૧-૦૬ ના ઠરાવથી સહાયની રકમમાં વધારો કરવામાં આવેલ છે.અનુભવે એવુ જણાય આવેલ છે કે સંત સુરદાસ યોજનામાં ફક્ત વિકલાંગોને તેઓને સહાય આપવામાં આવે છે.જે અંગે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | અસ્થિવિષયક વિકલાંગતા | ૭૫ ટકાથી ઉપર અપંગતા ધરાવતી. |
| (૨) | દ્રષ્ટિવિષયક | ૭૫ ટકાથી ઉપર અંધત્વ ધરાવતી. |
| (૩) | શ્રવણમંદ | ૭૧ ડેસીબલથી વધુ શ્રવણમંદ હોય |
| (૪) | માનસિક ક્ષતિ ધરાવતા | ૪૯ કે તેથી ઓછો બુધ્ધિઆંક ધરાવતા |

ઉપર મુજબ અસ્થિવિષયક વિકલાંગ, દ્રષ્ટિવિષયક, શ્રવણમંદ તથા માનસિક ક્ષતિ ધરાવતા વિકલાંગોની ટકાવારી ધ્યાને લઇ સંત સુરદાસ સહાય મંજુર કરવાની રહેશે.

નિયામક,
સમાજ સુરક્ષા ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ,
શ્રી/શ્રીમતી/ કુ. . . . . . . . . . . . . . . .
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,
. . . . . . . . . . . .

63

C:\Documents and Settings\user1\My Documents\Kadribhai\A4_Guj.doc- 589 -